# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) પરીણામ જાહેરનામું (ગુજરાતી માધ્યમ)"**

**"Teacher Aptitude Test (Secondary)-Result Notification (Gujarati Medium)"**

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT (S) /૨૦૧૯/SEC/૨૮૨૭-૬૯ તા:૧૬/૦૫/૨૦૧૯**

શિક્ષણ વિભાગના તા:૧૧/૦૨/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી માટે અને શિક્ષણ વિભાગના તા:૧૮/૦૪/૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/ બીએમએસ/૧૧૦૯-૧૯૦૬-જી થી સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે શિક્ષક અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી થી "Teacher and Head Masters of registered Private Secondary and Higher Secondary Schools (Procedure for Selection) Amendment Rules, 2016" બનાવવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૮/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી થી "Teacher of registered Government Secondary and Higher Secondary Schools (Procedure for Selection) Amendment Rules, 2016" બનાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૩/બીએમએસ/૧૧૦૯/જી થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી માટે આવશ્યક શિક્ષક અભિરૂચિ કસોટીના આયોજનની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:૦૩/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૪/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી માટે આવશ્યક શિક્ષક અભિરૂચિ કસોટીના આયોજનની કામગીરી રાજ્ય પરીક્ષા બોર્ડને સોંપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા:૨૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ તથા તા:૦૭/૦૫/૨૦૧૮ ના સુધારા ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક શાળાઓમાં તથા સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની શિક્ષક અભિરૂચિ કસોટીઓ માટેના નિયમો ઠરાવવામાં આવ્યા છે.

રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૨/૧૦/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT (S)/૨૦૧૭/૬૮૭૩-૬૯૧૭ તથા તા:૧૫/૧૧/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/TAT(S)/૨૦૧૭/૯૦૧૧-૯૦૫૬ થી તા:૦૧/૧૧/૨૦૧૭ થી તા:૨૯/૧૧/૨૦૧૭ દરમિયાન ઓનલાઇન આવેદનપત્રો ભરાવવામાં આવ્યા હતા.

શિક્ષણ વિભાગ દ્વારા ક્રમાંક:બમશ/૧૧૧૬/૧૨/છ, તા:૦૮/૦૬/૨૦૧૮ના સંકલિત ઠરાવથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શીખવતા વિષયોની ભરતી માટેના લાયકાત અને વિષયો તથા માધ્યમ અંગેની જોગવાઇઓ નિયત કરવામાં આવેલ છે.

ઉક્ત બાબતને ધ્યાને લઇ, શિક્ષણ વિભાગ દ્વારા તા:૦૮/૦૬/૨૦૧૮ નાં સંકલિત ઠરાવથી નવા ઉમેરવામાં આવેલ વિષયો સાથેની સુધારેલ લાયકાત ધરાવતા ઉમેદવારો, માધ્યમની જોગવાઇમાં થયેલ ફેરફાર મુજબ નવું આવેદનપત્ર ભરવા માગતા ઉમેદવારો, ચાલુ વર્ષે નિયત થયેલ શૈક્ષણિક અથવા વ્યવસાયિક લાયકાતના છેલ્લા વર્ષ/સેમેસ્ટરની પરીક્ષા આપેલ હોય પરંતુ પરીણામ પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા ઉમેદવારો તથા નિયત લાયકાત ધરાવતા હોવા છતાં અગાઉ નિયત સમયમર્યાદામાં આવેદનપત્ર/પરીક્ષા ફી ભરી શકેલ ન હોય તેવા ઉમેદવારો માટે તા:૧૧/૦૬/૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT(S)/૨૦૧૮/૨૯૧૫-૨૯૬૦ થી તા:૧૨/૦૬/૨૦૧૮ થી તા:૧૮/૦૬/૨૦૧૮ દરમિયાન ઓનલાઇન આવેદનપત્રો ભરાવવામાં આવ્યા હતા.

આમ, ઉક્ત જાહેરનામાઓના અનુસંધાને રાજય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૨૯/૦૭/૨૦૧૮ (રવિવાર) ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક થી બપોરે ૩.૦૦ કલાક દરમિયાન "શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)"નું આયોજન કરવામાં આવેલ હતું. ત્યારબાદ અનિવાર્ય સંજોગોને કારણે બોર્ડના તા:૦૯/૧૦/૨૦૧૮ ની જાહેરનામા ક્રમાંક: રાપબો/અધ્યક્ષ/૨૦૧૮/૨૩-૨૬થી આ પરીક્ષાના ગુજરાતી માધ્યમના બધા જ વિષયોની પરીક્ષા રદ્દ કરવામાં આવેલ હતી. જે પરીક્ષા તા. ૨૭/૦૧/૨૦૧૯ના રોજ રાજ્યના વિવિધ કેન્દ્રો પર યોજવામાં આવેલ હતી.

આ પરીક્ષાની ગુજરાતી માધ્યમના વિષયોની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૧/૦૨/૨૦૧૯ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા:૦૧/૦૨/૨૦૧૯ (૧૭.૦૦ કલાક) થી તા:૦૯/૦૨/૨૦૧૯ (૨૩.૫૯ કલાક) સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે વેબસાઈટ પર આપેલ લીંક પર ઓનલાઇન અપલોડ કરી મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

આ પરીક્ષાના ગુજરાતી માધ્યમના તમામ વિષયોના ઉમેદવારો દ્વારા પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજૂઆતો અને આધારોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરો પૈકી માધ્યમવાર-વિષયવાર ઉત્તરોમાં સુધારા કરવા ભલામણ કરેલ હતી. જે અન્વયે આ કચેરી દ્વારા તજજ્ઞ સમિતિની ભલામણના આધારે પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તરોમાં સુધારા કરી ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવેલ છે.

રાજ્યમાં લોકસભા ચૂંટણી-૨૦૧૯ની આચારસંહિતા અમલી હોઇ ફાઇનલ આન્સર કી તૈયાર થયા બાદ પરિણામ પ્રસિદ્ધ કરવા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૩૦/૦૩/૨૦૧૯ના રોજ રાજ્ય ચૂંટણી આયોગને દરખાસ્ત કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગના તા. ૧૬/૦૪/૨૦૧૯ના પત્રક્રમાંક નં. રાપબ/૧૧૧૯/૬/ચ અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડની દરખાસ્ત ગ્રાહ્ય ન રાખતા લોકસભા ચૂંટણી ૨૦૧૯ પૂર્ણ ન થાય ત્યાં સુધી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા પરિણામ સ્થગિત રાખવા જણાવેલ હતું. ત્યારબાદ **"શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)"** આપનાર ઉમેદવારોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૦૮/૦૫/૨૦૧૯ના રોજ પુનઃ રાજ્ય ચૂંટણી આયોગને શિક્ષણ વિભાગ મારફત દરખાસ્ત કરેલ હતી. સદર દરખાસ્ત અનુસંધાને રાજ્ય પરીક્ષા

બોર્ડની પુનઃ દરખાસ્તને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા માન્ય રખાતા શિક્ષણ વિભાગના તા. ૧૫/૦૫/૨૦૧૯ના પત્રક્રમાંક નં. રાપબ/૧૧૧૯/૬/ચ થી "**શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)" પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ કરવા અનુમતિ આપવામાં આવેલ છે.**

આ ઉપરાંત "**શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)" પરીક્ષાનું** પરિણામ પ્રસિદ્ધ કરવા સંદર્ભે રાજ્ય પરીક્ષા બોર્ડની તા. ૦૮/૦૫/૨૦૧૯ની સીંગલ ફાઇલ પર મળેલ સરકારશ્રીની અનુમતિ અન્વયે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૭/૦૧/૨૦૧૯ (રવિવાર) ના રોજ યોજાયેલ "**શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)" ના ગુજરાતી માધ્યમના તમામ વિષયોનું પરીણામ** અને OMR Sheet તથા ફાઇનલ આન્સર કી આજ તા:૧૬/૦૫/૨૦૧૯ ના રોજ નીચેની વિગતે બોર્ડની વેબસાઇટ (http://tatresult.sebgujarat.com/result_tats.aspx અને http://gujarat-education.gov.in/seb/) પર જાહેર કરવામાં આવે છે.

❖ <u>પરીણામની વિગતો:</u>

| SUBJECT | CODE | MEDIUM | NO OF CANDIDATES | PRESENT | ABSENT | WITHHELD | QUALIFIED % |
|---|---|---|---|---|---|---|---|
| COMPUTER | 115 | Gujarati | 3,000 | 2,113 | 887 | | 47.37% |
| DRAWING | 116 | Gujarati | 2,700 | 1,607 | 1,093 | | 34.23% |
| ENGLISH | 105 | Gujarati | 27,310 | 18,258 | 9,052 | | 61.83% |
| PERSIAN (FARSI) | 113 | Gujarati | 3 | 1 | 2 | | 100.00% |
| GRUH JIVAN VIDYA | 121 | Gujarati | 115 | 94 | 21 | | 64.89% |
| GUJARATI | 103 | Gujarati | 37,235 | 24,152 | 13,081 | 2 | 63.09% |
| HINDI | 104 | Gujarati | 21,915 | 13,382 | 8,533 | | 54.04% |
| KRUSHI VIDYA | 119 | Gujarati | 100 | 74 | 26 | | 41.89% |
| MARATHI | 107 | Gujarati | 43 | 23 | 20 | | 73.91% |
| MUSIC | 117 | Gujarati | 1,141 | 653 | 488 | | 54.06% |
| PASHU PALAN | 120 | Gujarati | 29 | 20 | 9 | | 70.00% |
| PHYSICAL EDUCATION | 118 | Gujarati | 5,182 | 3,264 | 1,918 | | 48.74% |
| SANSKRIT | 106 | Gujarati | 17,040 | 10,899 | 6,141 | | 42.19% |
| SCIENCE & TECH. - MATHEMATICS | 101 | Gujarati | 35,561 | 22,777 | 12,784 | | 70.54% |
| SOCIAL SCIENCE | 102 | Gujarati | 35,280 | 23,481 | 11,797 | 2 | 73.43% |
| TAMIL | 110 | Gujarati | 3 | 0 | 3 | | 0.00% |
| URDU | 108 | Gujarati | 85 | 64 | 21 | | 56.25% |
| **Grand Total** | | **Gujarati** | **186,742** | **120,862** | **65,876** | **4** | **62.32%** |

❖ <u>અગત્યની સૂચનાઓ</u>

- રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૭/૦૧/૨૦૧૯ (રવિવાર) ના રોજ યોજાયેલ "શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)" પરીક્ષા રાજ્યના વિવિધ કેન્દ્રો પર યોજાયેલ હતી. જે દરમ્યાન જામનગર ખાતેના પરીક્ષા કેન્દ્ર ખાતેની ગેરરીતિ સંદર્ભે થયેલ તપાસ અને પોલીસ ફરિયાદ અન્વયે સીટ નં. ૧૦૨૦૧૫૭૬૫, સીટ નં. ૧૦૩૦૧૬૪૧૭ અને સીટ નં. ૧૦૨૦૧૬૦૫૩નું પરિણામ પોલીસ તપાસ હાલ ચાલુ હોઇ સ્થગિત રાખવામાં આવે છે. સદર પોલીસ તપાસના અંતે ઉક્ત ત્રણ ઉમેદવારો ઉપરાંત અન્ય ઉમેદવારોની સામેલગીરી જણાશે તો તેઓના પરિણામ પણ રદ કરવા અને ભવિષ્યમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનાર અન્ય પરીક્ષા માટે પણ ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી હાથ ધરાશે.
- આ ઉપરાંત વડોદરા કેન્દ્ર ખાતેના પરીક્ષા કેન્દ્ર પર નોંધાયેલ ગેરરીતિ કેસ અન્વયે સીટ નં. ૧૦૩૦૩૩૩૬૯નું પરિણામ સ્થગિત રાખવામાં આવે છે.

- શિક્ષણ વિભાગના તા:૨૦/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ તથા તા:૦૭/૦૫/૨૦૧૮ ના સુધારા ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૭/૭૭૩/ગ મુજબ,
    - આ કસોટીમાં પાસ થવા માટે તમામ કેટેગરીના ઉમેદવારોએ કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કુલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
- માત્ર કસોટીમાં પાસ થયેલ છે તેવા ઉમેદવારોને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રજીસ્ટર એડી મારફતે સંબંધિત ઉમેદવારો દ્વારા ઓનલાઇન આવેદનપત્ર ભરતી વખતે દર્શાવેલ સરનામા પર મોકલી આપવામાં આવશે.
- જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુનઃચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૨૦/૦૫/૨૦૧૯ સુધીમાં કચેરીના કામકાજના દિવસોમાં (રવિવાર અને જાહેર રજા સિવાય) કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુનઃચકાસણી કરાવી શકશે. તા:૨૦/૦૫/૨૦૧૯ બાદ OMR Sheet ની પુનઃચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- OMR Sheet ની પુનઃચકાસણી કરાવવા માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ, OMR Sheetની નકલ તેમજ ઉમેદવારના અસલ પ્રશ્નપત્ર સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. આ ઉપરાંત OMR Sheet ની પુનઃચકાસણીની ફી પેટે રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.

**સ્થળ:ગાંધીનગર** **(પી એ. જલુ)**

**તારીખ:૧૬/૦૫/૨૦૧૯** **અધ્યક્ષ**

**રાજય પરીક્ષા બોર્ડ**

**ગાંધીનગર**

➢ **<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(માધ્યમિક),શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં:૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી,આર.એમ.એસ.એ.,ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.

બેઠક નંબર:- ....................................

વિષય: ...............................................

માધ્યમ: .............................................

પ્રશ્ન પુસ્તિકા નંબર :- ...........................

પ્રશ્ન પુસ્તિકા સેટ નંબર :- ......................

ઉમેદવારનું નામ :- ...................................

પરીક્ષાનો જિલ્લો:- ....................................

પરીક્ષા કેન્દ્રનુ નામ :- ..................................

બ્લોક નંબર:- ..........................................

મોબાઇલ નં:- .............................................

પ્રતિ,
સચિવશ્રી,
રાજય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલય પાસે
સેકટર-૨૧, ગાંધીનગર.

**વિષય:- શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક) (ગુજરાતી માધ્યમ)ની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૭/૦૧/૨૦૧૯ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા:૧૬/૦૫/૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ................ગુણ મળેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheet ની ચકાસણી કરતા મને..................ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:૧૬/૦૫/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક: **રાપબો/TAT (S) /૨૦૧૯/SEC/ ૨૮૨૭-૬૯**માં સૂચવ્યા મુજબ આ પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા:...........................ના રોજ પહોંચ નં:................................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી આ પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

.......................................

(ઉમેદવારની સહિ)

બિડાણ: ૧.હોલટીકીટ ની નકલ
૨.OMR Sheet ની નકલ
૩. ઉમેદવારનું અસલ પ્રશ્નપત્ર

- **OMR Sheet ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ:**

..........................................................................................................................................

**તા:...................** **ઉમેદવારની સહિ.........................**

**સ્થળ: ગાંધીનગર.**